## હરિની દૃષ્ટિ... - હરિન ભટ્ટ



વરરાજા, મને લગ્ન બાદ અગીયાર હજાર દક્ષિણા જોઈશે... નહીં આપો તો... વધુને સત્ય કહી દઈશ કે, તમે બેંકમાંથી અઢી લાખ ઉપાડવા લગ્ન કર્યા છે...!!

# આરટીઓ કચેરી પાસેથી અચાનક દબાણકારો ગાયબ...!

ગાંધીનગર, તા.૨૨

ગાંધીનગર કચેરી પાસે લારી-ગલ્લા લઈને ઉભા રહેતા દબાણકારો આજે અચાનક અદ્રશ્ય થઈ ગયા હતા. લારી-ગલ્લા ન દેખા ન દેતા વસાહતીઓ અને ખુદ આરટીઓ કચેરીનો સ્ટાફ પણ અચંબામાં પડી ગયો હતો.જયારે નાસ્તા કે પાન-બીડીના ગલ્લા ના હોવાથી કચેરીએ કામ અર્થે આવતા નાગરીકોને નાસ્તા માટે દુર દુર સુધી લાંબા થવાની ફરજ પડી હતી. પરંતુ કલેકટર કચેરી દ્વારા આજે દબાણ આવવાનું હોવાનું દબાણકારોને કેવી રીતે ખબર પડી તે નવાઈની વાત છે... આરટીઓ કચેરી પાસે પાર્કીંગની સમસ્યા તો વર્ષોથી છે ત્યાં નવી દબાણનો પ્રશ્ન ઉભો થવા પામ્યો છે. કચેરીની આસપાસ ૩૦ થી વધુ દબાણકારોએ અજગરી ભરડો લેતા દબાણ વિભાગ સફાળુ



જાગી જતા દબાણકરો ગાયબ થઈ ગયા હતા.

ગાંધીનગર શહેરમાં સે-૩ ન્યું ખાતે કાર્યરત આરટીઓ કચેરીમાં વાહનના કામકાજને લઈને હજ્જારોની સંખ્યામાં નાગરીકો આવે છે. નવા વાહનના રજીસ્ટ્રેશન અને નાગરીકો લઈને આવેલા વાહનોને પગલે પાર્કીંગની સમસ્યા સતાવી રહી છે. કચેરીને અડીને ગ માર્ગ હોવાથી વાહનવ્યવ્હાર પણ વધુ હોય છે. ત્યારે માર્ગને અડીને લારી-ગલ્લાધારકો બેસી જતા પાર્કીંગ માટે જગ્યા ઓછી પડે છે. કચેરીમાં કેન્ટીન ન હોવાથી ચા,પાણી,નાસ્તા,જમવા સહિતની લારીઓનો રાફડો ફાટયો છે. પરંતુ આરટીઓ કચેરી સવારથી બપોરના ૪ વાગ્યા સુધી ધમધમે છે. ત્યારે આ માર્ગ પરથી પસાર થવુ પણ મુસીબત સમાન બની જાય છે. ત્યારે આજે અચાનક લારી ગલ્લા આપોઆપ હટી જતા નાગરીકો સહિત કચેરીનો સ્ટાફ પણ અચરજ પામી ગયો હતો. પરંતુ લારીઓ તેમજ સામાન મુકીને જતા વેપારીઓને કેવી રીતે ખબર પડી કે આજે તંત્રની દબાણ ટીમ ત્રાટકવાની છે. દબાણ હટાવ કામગીરી કરવા ટીમ આવે ત્યારે તેને માત્ર ખાલી જગ્યા જ દેખાય દબાણકારોએ તો લારી ગલ્લા સહી સલામત સ્થળો પર મુકી દીધા છે. ત્યારે ઘટ ફુટે ઘર જાય તેવી સ્થિતિમાં દબાણ વિભાગ પણ શું દબાણ હટાવ કામગીરી કરી શકે... તે પણ એક પ્રશ્ન છે.

## આજે વિધાનસભા ખાતે લોકશાહી શાસન વ્યવસ્થામાં પ્રચાર-પ્રસાર માધ્યમોની ભૂમિકા વિષય પર પરિસંવાદ

ગાંધીનગર, તા. ૨૨

ગુજરાત વિધાનસભા સચિવાલય અંતર્ગત કામ કરતા ગણેશ વાસુદેવ માવળંકર સંસદીય અભ્યાસ અને તાલીમ બ્યુરોના ઉપક્રમે આવતીકાલ તા. ૨૩મી નવમ્બર, ૨૦૧૬ના રોજ ગુજરાત વિધાનસભા ખાતે લોકશાહી શાસન વ્યવસ્થામાં પ્રચાર-પ્રસાર માધ્યમોની ભૂમિકા વિષય પર એક દિવસીય પરિસંવાદનું આયોજન કરાયું છે.

ગુજરાત વિધાનસભા ખાતે ચોથા માળે તાલીમ ખંડમાં પ્રિન્ટ અને ઈલેકટ્રોનિક મીડિયાના પ્રતિનિધિઓ માટે યોજાનાર આ પરિસંવાદને સવારે ૧૧ કલાકે ગુજરાત વિધાનસભાના અધ્યક્ષ રમણલાલ વોરા ખુલ્લો મૂકશે. આ પ્રસંગે મુખ્યમંત્રી વિજયભાઈ રૂપાણી પણ અતિથિવિશેષ તરીકે ઉપસ્થિત રહેશે.

લોકશાહી શાસન વ્યવસ્થામાં પ્રચાર-પ્રસાર માધ્યમોની ભૂમિકા વિષય પર યોજાનાર સામૂહિક ચિંતનમાં ગુજરાત વિધાનસભાના અધ્યક્ષા રમણલાલ વોરા, મુખ્યમંત્રી વિજયભાઈ રૂપાણી, નવગુજરાત સમય દૈનિકના તંત્રી અજય ઉમટ, ડી.એન.એ. દૈનિકના તંત્રી શ્યામ પારેખ ચાવીરૂપ ઉદબોધન આપશે, પત્રકાર મિત્રોને સહભાગી થવા ગુજરાત વિધાનસભા દ્વારા હાર્દિક નિમંત્રણ પાઠવાયું છે.

# આખરે હોસ્પિટલની ૫૦૦ અને ૧૦૦૦ ની નોટોનો બેંકે સ્વીકાર કર્યો

ગાંધીનગર, તા.૨૨

રૂ.૫૦૦ અને ૧૦૦૦ની નોટ કેન્દ્ર સરકાર દ્વારા બંધ કરવામાં આવી છે પરંતુ આવશ્યક સેવાઓમાં નોટ ચાલુ રાખવા માટે તા.૨૪ નવેમ્બરનું અલ્ટીમેટમ આપવામાં આવ્યું છે. ત્યારે ગાંધીનગર હોસિપટલમાં દર્દીઓના લેવાતા વિવિધ ચાર્જ પેટે જમા થયેલા જુના ચલણની નોટો બેંકે સ્વીકાર કરવાનો ઈન્કાર કર્યો હતો. ત્યારબાદ હોસ્પિટલ તંત્રએ તિજોરી વિભાગને તાત્કાલીક અસરથી પત્ર લખીને જાણ કરી હતી અને હકીકતથી વાકેફ કર્યા હતા. ત્યારબાદ તિજોરી વિભાગ દ્વારા બેંકને જાણ કરવામાં આવી હતી અને હોસ્પિટલમાં જમા થયેલ રકમ સ્વીકાર કરવાનું જણાવ્યું હતું. જયારે હોસ્પિટલ સતાવાળાઓએ પણ નોટ બેંક દ્વારા નહીં સ્વીકારાતા તેઓએ પણ આરકેએસને રૂ.૫૦૦ અને ૧૦૦૦ ની નોટ નહી લેવાનો આદેશ કર્યો હતો. પરંતુ મોડીસાંજે તંત્ર દ્વારા વિવિધ ચાર્જ પેટે રૂ.૫૦૦ અને ૧૦૦૦ ની નોટ લેવાનું જણાવાયું હતું.

વડાપ્રધાન દ્વારા રૂ.૫૦૦ અને ૧૦૦૦ ચલણી નોટ રદ કર્યા બાદ તેને આવશ્યક સેવામાં નોટ સ્વીકારવામાં આવશે તેમ જણાવ્યું હતું. જેમાં પેટ્રોલપંપ, ખાનગી તેમજ સરકારી હોસ્પિટલ, દવાના મેડીકલ સ્ટોર,એસ.ટી બસ, રેલ્વે સ્ટેશન સહિતના સ્થળોનો સમાવેશ થાય છે. ત્યારે ગાંધીનગર સિવિલ હોસ્પિટલમાં પણ દર્દીના વિવિધ નિયત ચાર્જ પેટે ભરવામાં આવતા રૂપીયામાં રૂ.૫૦૦ અને ૧૦૦૦ ની ચલણી નોટ લેવામાં આવતી હતી. દર્દી તેમજ સ્નેહીજનોને અગવડ ના પડે તે માટે સ્વીકારવામા આવેલ નોટો હોસ્પિટલ તંત્રને જ જાણે અગવડતા સમાન બની હતી. હોસ્પિટલના હજ્જારો રૂપીયા બેંકે લેવાનું ના પાડતા હોસ્પિટલ તંત્રના અધિકારીઓ પણ ચોંકી ઉઠ્યા હતા. અને તાત્કાલિક અસરથી તિજોરી વિભાગને પત્ર લખીને જાણ કરી હતી. ત્યારબાદ બેંકના અધિકારીઓને લેખિત તેમજ મૌખિક જાણ કરીને હોસ્પિટલની નોટ સ્વીકારવાનું કહેવામાં આવ્યું હતું. બાદમાં બેંકમાં નોટ સ્વીકારી હતી. હોસ્પિટલની નોટનો સ્વીકાર કરાતા તંત્ર એ દર્દીના વિવિધ ચાર્જ પેટે રૂપીયા લેવાનું જણાવ્યું હતું.

## લાયસન્સ વગર ચાલતી વધુ બે હોટલો પર એસ.ઓ.જીનાં દરોડા

### ઇન્ફોસિટીમાં સેફરોન અને યશ ફુડ પોઇન્ટ પર દરોડો પાડી માલીકો સામે ગુનો નોંધ્યો

ગાંધીનગર, તા.૨૨

ગાંધીનગર એસ.ઓ.જીની ટીમે લાયસન્સ વગર ધમધમતી હોટલો પર ચેકિંગ કરી તેના માલીકો સામે કાયદેસરની કાર્યવાહી શરુ કરી છે. રોજ એક-બે હોટલના માલીક સામે લાયસન્સ વગર હોટલ ચલાવવા બદલ જીલ્લા કલેક્ટરનાં જાહેરનામા ભંગ બદલ ગુનો દાખલ કરવામાં આવે છે ત્યારે આજે વધુ બે હોટલ પર દરોડા પાડી એસ.ઓ.જીની ટીમે તેના માલીકો સામે ગુના દાખલ કર્યા છે. ઈન્ફોસિટીમાં સુપર મોલ ૧ ખાતે દુકાન નં.૫ માં સ્થિત યશ ફુડ પોઈન્ટના માલીક ગોપાલસિંહ ગંભીરસિંહ રાઠોડ સામે ગુનો દાખલ કરવામાં આવ્યો છે તે ઉપરાંત ઈન્ફોસિટીમાં જ સુપરમોલ ૨ માં આવેલી સેફરોન રેસ્ટોરન્ટનાં માલીક હિરલભાઈ સામે ગુનો દાખલ કરી ધોરણસરની કાર્યવાહી કરવામાં આવી છે.

## ગાંધીનગર શહેર જિલ્લા કોંગ્રેસ માયનોરીટી ડિપાર્ટમેન્ટ દ્વારા ચૂંટણીલક્ષી કામગીરી બાબતે આયોજન કરાયું

ગાંધીનગર, તા. ૨૨

ગાંધીનગર શહેર જિલ્લા કોંગ્રેસ માયનોરીટી ડીપાર્ટમેન્ટ દ્વારા ચૂંટણીલક્ષી કામગીરી બાબતે ગાંધીનગર વિશ્રામગૃહ ખાતે તા. ૨૨ નવેમ્બર-૨૦૧૬ના રોજ આયોજન કરવામાં આવ્યું હતું. ગુજરાતના કોંગ્રેસ માયનોરોટી સંગઠનને મજબુત કરવા કોંગ્રેસ પક્ષના વિવિધ સંગઠનો સાથે સંકલન કરી વર્ષ ૨૦૧૭ની આવનાર ચૂંટણીમાં કોંગ્રેસ વિજયી થાય અને પ્રજાલક્ષી પ્રશ્નોનો ઉકેલ લાવવા કોંગ્રેસ સરકાર બનાવે તે અંગે વિસ્તૃત ચર્ચા કરવામાં આવી



કોંગ્રેસ માયનોરીટી ડિપાર્ટમેન્ટના ચેરમેન હિંમતભાઈ એ. મેકવાન જણાવે છે કે ગુજરાત પ્રદેશ કોંગ્રેસ માયનોરીટી ડિપાર્ટમેન્ટના ઉત્તર ઝોનના ચેરમેન પ્રફુલભાઈ વી. શાહના અધ્યક્ષસ્થાને ગાંધીગર વિશ્રામગૃહ ખાતે વર્ષ ૨૦૧૭ની ચૂંટણીલક્ષી કામગીરી બાબતે ગાંધીનગર જિલ્લા અને શહેર માયનોરીટી ડિપાર્ટમેન્ટનું સંગઠન મજબૂત કરવા માટે તથા ઉત્તર હતી. આ પ્રસંગે ગાંધીનગર જિલ્લા અને શહેરના કોંગ્રેસ માયનોરીટીના તમામ હોદ્દેદારોને ભેગા કરી મીટીંગનું આયોજન કર્યું હતું. આ પ્રસંગે કોંગ્રેસ માયનોરીટી ડિપાર્ટમેન્ટના ચેરમેન હિંમતભાઈ એ. મેકવાન, વાઈસ ચેરમેન યુસુફખાન જે. પઠાણ, મહામંત્રી કીરીટભાઈ પરેરા, મંત્રી પોલ. જે. ક્રિસ્ટી તથા અન્ય હોદ્દેદારો હાજર રહ્યા હતા.

## જીલ્લામાંથી વધુ બે વોન્ટેડ આરોપીઓ ઝડપાયા

ગાંધીનગર, તા.૨૨

ગાંધીનગર જીલ્લાનાં નાસતા ફરતા આરોપીઓ પકડવા જીલ્લા પોલીસ વડાની સુચનાથી એસ.ઓ.જી અને એલ.સી.બી ની ટીમો દોડતી થઈ છે અને તેમને પકડવા બાતમીદારો સક્રિય કર્યા છે. ચોક્કસ બાતમીને આધારે આવા બે વોન્ટેડ આરોપીઓને અલગ-અલગ સ્થફેથી એલ.સી.બી અને એસ.ઓ.જીની ટીમે પકડી પાડી કાયદેસરની કાર્યવાહી કરીને સ્થાનિક પોલીસને સોંપ્યા છે.

ગાંધીનગર એલ.સી.બી પી.આઇ પી.બી.ચૌહાણની એબસ્કવોન્ડર સ્કવોર્ડની ટીમે બાતમીને આધારે રણાસણ સર્કલ નજીકથી બાપુનગર રહેતા ડભોડા પોલીસ સ્ટેશનની હદમાં નાસતા ફરતા બુટલેગર હિતેશ ધિરુ પટેલને દબોચી લીધો હતો. જુન માસમાં હિતેશની એસ.એક્સ ફોર ગાડીનો ટ્રક સાથે અકસ્માત થયો હતો અને ગાડીમાંથી દારુ બિયરનો જથ્થો મફી આવ્યો હતો. આ ગુનામાં બુટલેગર નાસતો ફરતો હતો. તો બીજી તરફ એસ.ઓ.જી પી.આઇ જે.ડી. પુરોહીતની ટીમનાં એ.એસ.આઇ ગૌતમભાઇ તથા સ્ટાફના માણસોએ બાતમીના આધારે કલોલ શહેર પોલીસ સ્ટેશનનાં આઇ.પી.સી ૪૫૪, ૪૫૭, ૩૮૦ ના ગુનામાં છેલ્લા બે વર્ષથી વોન્ટેડ રાજુ મેલા દંતાણીને છત્રાલ પાસેથી પકડી પાડ્યો હતો. એસ.ઓ.જીની ટીમે તેની ધરપકડ કરી કલોલ શહેર પોલીસને સોંપ્યો છે.

## વિધાનસભા ભવન ખાતે ઠક્કરબાપાના તૈલચિત્રને પુષ્પાંજલિ અર્પણ કરાશે

ગાંધીનગર, તા.૨૨

રાજયની ભાવિ પેઢી માટે માર્ગદર્શક અને પ્રેરણારૂપ બની રહેનાર આપણા દેશના મહાનુભાવો અને આઝાદીની ચળવળના સ્વાતંત્ર્ય સેનાનીઓના તૈલચિત્રો વિધાનસભા બિલ્ડીંગમાં મુકવામાં આવ્યા છે. આ મહાનુભાવોને તેમના જન્મદિવસે પુષ્પાંજલિ અર્પવાનું વિધાનસભાના અધ્યક્ષે નક્કી કર્યું છે.

આગામી તા. ૨૯-૧૧-૨૦૧૬ના રોજ પૂજય ઠક્કરબાપાનો ૧૪૯મો જન્મદિવસ છે. ઠક્કરબાપા એ ગાંધીજીના પ્રિયજન તથા હરિજનો અને આદિવાસીઓના ઉદ્ધારક હતા. તેમણે બંધારણમાં હરિજનો-આદિવાસીઓ માટેના વિશિષ્ટ કલ્યાણકારી કામો કર્યા હતા. ઠક્કરબાપાના ૧૪૯મા જન્મદિવસે ૯.૩૦ કલાકે વિધાનસભા બિલ્ડીંગમાં પ્રથમ માળે આવેલ પોડિયમમાં તેમના તૈલચિત્રને વિધાનસભાના અધ્યક્ષ પુષ્પાંજલિ અર્પણ કરશે.

## નશામાં ચૂર બસના ડ્રાઈવરથી સીટી બસ રાધે થાળ નજીક બે વાર અથડાઈ

ચાંદખેડાથી ગાંધીનગર તરફ આવી રહેલી સીટી બસ વિટકોસમાં ૩૦ જેટલા મુસાફરો સવાર હતા. આ બસ રાધે થાળ નજીક બે જગ્યાએ ટકરાતા મુસાફરોના જીવ પડીકે બંધાઈ ગયા હતા. રાધે થાળના માલીકે ડ્રાઈવરને જોયો તો તે ચિક્કાર દારૂના નશામાં હતો. મુસાફરોના જીવ જોખમમાં મુકીને બસ ચલાવતા પિધેલા ડ્રાઈવર સામે રાધે થાળના માલીકે સે. ૭ પોલીસ સ્ટેશનમાં ફરિયાદ આપી હતી. પોલીસે ગુનો નોંધી વધુ તપાસ શરૂ કરી છે.

સીટીબસ વિટકોસના ડ્રાઈવરો બેફામ ગતિએ બસ ચલાવવા પંકાયો છે. અગાઉ પણ વિટકોસના ડ્રાઈવરો દ્વારા અકસ્માતની ઘટનાઓ સર્જાયેલી છે અને પોલીસ ચોપડે નોંધાયેલી છે. દરમ્યાન આજે તો એવી વિચિત્ર ઘટના ધ્યાને આવી છે. જેમાં ૩૦ જેટલા મુસાફરોની જીંદગીનો સવાલ ઉભો થયો હતો. બપોરના અરસામાં

**બસમાં સવાર ૩૦ જેટલા મુસાફરોના જીવ પડીકે બંધાયા : રાધે થાળના માલીકે વિટકોસના પીધેલા ડ્રાઈવર સામે પોલીસ ફરિયાદ કરી**

ચાંદખેડાથી ૩૦ જેટલા મુસાફરો ભરીને સીટીબસનો ડ્રાઈવર બસ લઈને ગાંધીનગર પથિકાશ્રમ તરફ આવી રહ્યો હતો. સીટી બસ ખ-૦ થી ચ-૦ વચ્ચે રાધે થાળ નજીક પહોંચી ત્યારે રાધેથાળના બોર્ડ સાથે ટકરાઈ હતી. ત્યાર બાદ આગળ જઈને એક ઝાડ સાથે બસ ટકરાઈ ગઈ હતી. બબ્બે સ્થળે અકસ્માત થતા રાધેથાળના માલીક રવિ સુનિલભાઈ ત્રિવેદી બસ પાસે પહોંચ્યા હતા અને બસના ડ્રાઈવરને જોયો તો ચિક્કાર પિધેલો હોવાનું જણાતા ૩૦ મુસાફરોના જીવ જોખમમાં મુકનાર ડ્રાઈવર સત્યમસિંહ અંબુજી રાણાવત (રહે. પેથાપુર) સામે સે. ૭ પોલીસમથકમાં ફરિયાદ આપતા પોલીસે ગુનો દાખલ કરી તપાસ શરૂ કરી છે.

## ધોરણ-૫ થી ૮ના નવા અદ્યતન ઈ-કન્ટેન્ટના વિડીયો રૂપાંતર દ્વારા તૈયાર કરાયેલ ઈ-લર્નિંગ ઈ-કલાસનો શુભારંભ

ગાંધીનગર, તા. ૨૨

રાજયમાં વંદે ગુજરાત કાર્યક્રમ અંતર્ગત બાયસેગ-ભાસ્કરાચાર્ય ઈન્સ્ટીટયુટ ફોર સ્પેસ એપ્લીકેશન અને જીઓ ઈન્ફોર્મેટીકસ દ્વારા ૧૬ નવી શૈક્ષણિક





ચેનલોનું પ્રસારણ થઈ રહયું છે ત્યારે સર્વશિક્ષા અભિયાન દ્વારા ઈન્ડેક્ષ-બીની મદદથી તૈયાર કરવામાં આવેલ ધો-૫ થી ધો-૮ના નવા અદ્યતન ઈ-કન્ટેન્ટને વિડીયોમાં રૂપાંતરીત કરી વિદ્યાર્થીઓને આ ઈ-કન્ટેન્ટનું જ્ઞાન મળે તે હેતુથી શિક્ષણ મંત્રી ભૂપેન્દ્રસિંહ ચુડાસમાએ આજે બાયસેગ ગાંધીનગર ખાતે ઈ-લર્નિંગ ઈકલાસનું વિધિવત શુભારંભ કર્યો હતો. ધો-૫ થી ધો-૮ના વિજ્ઞાન, ગણિત, અંગ્રેજી અને ગુજરાતી વિષયોના બંને સેમેસ્ટરને વિડીયોમાં રૂપાંતરીત કરવાની કામગીરી ઈન્ડેક્ષ-બી દ્વારા ચાલી રહી છે ત્યારે વિદ્યાર્થીઓને વર્ગખંડ અને અભ્યાસક્રમ સાથે વધુ તાદાત્મ્ય કેળવવામાં મદદ થશે.

શિક્ષણ મંત્રી ભૂપેન્દ્રસિંહ ચુડાસમાએ જણાવ્યું હતું કે, આ પ્રકારના કાર્યક્રમને નિહાળવા માટે કોમ્પ્યુટર એડેડ લર્નિંગ માટે કોમ્પ્યુટર લેબની સુવિધા ધરાવતા રાજયની ૨૦,૫૦૨ ઉચ્ચ પ્રાથમિક શાળાઓ, ૪,૨૬૮ કલસ્ટર રિસોર્સ સેન્ટર્સ અને ૨૬૩ બ્લોક/અર્બન રિસોર્સ સેન્ટર્સ ઉપરાંત ૧૦૯૧ પ્રજ્ઞા અભિગમ ધરાવતી પ્રાથમિક શાળાઓમાં લાર્જ સ્કીન ડીસ્પ્લે ટેલીવીઝન સુવિધાથી સજજ છે જેથી વિદ્યાર્થીઓને આ કાર્યક્રમનો મહત્તમ લાભ મળી શકશે. રાજયના ધો-૫ થી ધો-૮માં ૨૯,૪૫,૮૮૮ વિદ્યાર્થીઓ, ૭૦૩૬૯ શિક્ષકો, ૪૨૬૮ સી.આર.સી. કો-ઓર્ડિનેટર્સ ૨૬૩, બી.આર.સી. કો-કોર્ડિનેટરર્સ અને ૨૪૯ તાલુકા પ્રાથમિક શિક્ષણાધિકારીશ્રીને આ કાર્યક્રમનો લાભ મળી રહેશે.

પ્રસારિત થતી ૧૬ શૈક્ષણિક ચેનલો પૈકી ૮ ચેનલો પ્રારંભિક શિક્ષણ માટે ફાળવવામાં આવેલ છે. જેના ૫૨ નવેમ્બર-૨૦૧૬થી શરૂ થયેલ દ્વિતીય શૈક્ષણિક સત્ર થી ધો-૫ થી ધો-૮ના વિજ્ઞાન, ગણિત અને અંગ્રેજી અને ગુજરાતી વિષયોના બીજા સેમેસ્ટરના વિષયવસ્તુનું અભ્યાસક્રમના શૈક્ષણિક કેલેન્ડર મુજબ પ્રસારણ કરાશે. આ કાર્યક્રમ એટલે કે, ઈ-લર્નિંગ ઈ-કલાસ શાળા સમય દરમિયાન પ્રસારણ ઉપરાંત શાળા સમયબાદ પણ પુનઃપ્રસારણ કરવામાં આવશે જેથી વિદ્યાર્થીઓ ઘરે પણ પરિવારજનોની હાજરીમાં શાળામાં શીખેલ વિષય-વસ્તુનું દ્રઢિકરણ કરી શકશે. આ વિડીયો પ્રસારણ કાર્યક્રમો અન્ય જાહેર કે ખાનગી ક્ષેત્રની જે ચેનલો પ્રસારિત કરવા ઈચ્છતી હોય તેને પ્રસારણ માટે પુરી પાડી જ્ઞાનના પ્રસારના આ કાર્યને વેગ આપવામાં આવશે.

## ખાતરોની ખરીદી માટે જી.એન.એફ.સી. દ્વારા આવકાર્ય પગલું

ગાંધીનગર, તા.૨૨

ગુજરાતમાં આવેલ જી.એન.એફ.સી.ના ૬૯ 'નર્મદા ખેડૂત સહાય કેન્દ્રો' દ્વારા વિવિધ ખાતરોનું વેચાણ કરવામાં આવે છે.

શિયાળુ પાકો માટે આવશ્યક ખાતરોની ખરીદીમાં સહાયભૂત થવા કંપનીએ ચેક/ડીડી/બેંક ટ્રાન્સફર દ્વારા પેમેન્ટ સ્વીકારી ખેડૂતો સરળતાથી ખાતરો ખરીદી શકે તેવું પગલું લીધું છે.

ગુજરાતના તમામ ખેડૂત ભાઈઓ સગવડનો લાભ લઈ સમયસર ખાતરો ખરીદી શકે છે. ગુજરાતના ઘણા ખેડૂતમિત્રોએ કંપનીના આ પગલાંની પ્રશંસા કરી આવકાર્યું છે.

## સરકારી તાલુકા પુસ્તકાલય માણસા ખાતે રાષ્ટ્રીય ગ્રંથ સપ્તાહની ઉજવણી કરાઈ

ગાંધીનગર, તા. ૨૨

સરકારી તાલુકા પુસ્તકાલય માણસા ખાતે ૧૪મી નવેમ્બરથી ૨૦મી નવેમ્બર ૨૦૧૬ દરમ્યાન માણસા ખાતે રાષ્ટ્રીય ગ્રંથ સપ્તાહની ઉજવણી કરવામાં આવી હતી. રાજ્યમાં સરકારી ગ્રંથાલયો તેમજ સંસ્થાઓમાં ગ્રંથાલય સેવાથી સંકળોયલ સંસ્થાઓ ખાતે વર્ષે ૧૪મી નવેમ્બરથી ૨૦મી નવેમ્બર દરમ્યાન રાષ્ટ્રીય ગ્રંથ સપ્તાહની ઉજવણી કરવામાં આવે છે. વૈવિધ્ય પુર્ણ શૈક્ષણિક પ્રવૃત્તિઓનું આયોજન કરી બાળકો યુવા વર્ગને ગ્રંથાલયાભિમુખ બને અને વાંચનની પ્રવૃત્તિ કેળવે અને ગ્રંથાલય પ્રતિ આકર્ષાય તે માટે વિવિધ પ્રકારની સ્પર્ધાઓનું આયોજન કરવામાં આવે છે.

સરકારી તાલુકા પુસ્તકાલય માણસા ખાતે પણ સંસ્થામાં પુસ્તક પ્રદર્શન, જનરલ નોલેજ ક્વિઝ, ચિત્ર સ્પર્ધા, નિબંધ સ્પર્ધા જેવા કાર્યક્રમોનું આયોજન કરવામાં આવેલ હતુ. જેમાં શહેરની શાળાઓના બાળકોએ ઉત્સાહપૂર્વક ભાગ લીધો હતો. જેમાં નિબંધ સ્પર્ધા પ્રથમ ક્રમે મિસ્ત્રી રોશની, દ્વીતીય ક્રમે ડાભી હેતલ, તૃતીય ક્રમે ચૌધરી જાનવી તેવી જ રીતે વક્તૃત્વ સ્પર્ધામાં પ્રથમ ક્રમે પરમાર ધરા, દ્વિતિય ક્રમે દેસાઈ કીંજલ, તૃતીય ક્રમે કંસારા હીમાની મેળવ્યો હતો. જ્યારે ચિત્ર સ્પર્ધામાં પ્રથમ ક્રમ રાવળ ચિરાગ, દ્વિતીય ક્રમ પટેલ પ્રીયા, તૃતિય ક્રમ પટેલ અમિશા વિજેતા થઈ હતી. જ્યારે ક્વિઝ સ્પર્ધામાં પ્રથમ ક્રમ હેમાંગી, દ્વિતિય ક્રમ બંસરી, તૃતીય ક્રમ કિરણે મેળવ્યો હતો.

સ્પર્ધામાં ભાગ લેનાર બાળકોને સંસ્થા તરફથી માણસા સાયન્સ કોલેજના પ્રોફેસર કૃણાલસિંહ રાણા તેમજ શિક્ષકગણ દિપકભાઈ રતલામી, નિકુલભાઈ પટેલ, ભાવિનભાઈ ઠાકોર, હર્ષદભાઈ મોદી, સુરેશભાઈ ઠાકોરના વરદ હસ્તે વિજેતા થયેલ વિદ્યાર્થીઓને સંસ્થા તરફથી ઈનામો આપ્યા હતા. તેમજ સમગ્ર સ્પર્ધાઓમાં ભાગ લેનાર તમામ બાળકોને પ્રોત્સાહક ઈનામો પણ આપવામાં આવેલ હતા.

કાર્યક્રમનું સુંદર આયોજન સરકારી તાલુકા પુસ્તકાલય માણસાના મદદનીશ ગ્રંથપાલ ગોવિંદભાઈ રાવળે કરેલ હતુ. આ કાર્યક્રમનું સંચાલન સુરેશભાઈ ઠાકોરે કરેલ હતું.

### જાહેર નિવિદા

માહિતી નિયામકની કચેરી, ગુજરાત રાજ્ય, ગાંધીનગરની કચેરીમાં વહીવટી કામગીરી સરળતાથી કરવા માટે જરૂર એવી સફાઈકામ અને સ્વચ્છતા જાળવણીથી માંડીને ફાઈલો/ટપાલો જે તે કચેરી / શાખાઓમાં લાવવા લઈ જવાની એવી સર્વ આનુસંગિક સેવાઓ પુરી પાડવા માટે આઉટસોર્સ એજન્સીની પસંદગી કરવા માટે ઈ-ટેન્ડર ઓનલાઈન ભરવા આમંત્રિત કરે છે. ટેન્ડરની વિગતવાર માહિતી www.procure.com પર અપલોડ કરવામાં આવી છે. ટેન્ડર ઓનલાઈન તેમજ ફીઝીકલ સ્વરૂપે જમા કરવાની છેલ્લી તારીખ ૧૪/૧૨/૨૦૧૬ સમય ૧૬.૦૦ કલાક સુધી છે. આ નિવિદા www.statetenders.com ઉપર પણ જોઈ શકશો.

માહિતી/૨૦૬૮/૧૬-૧૭ માહિતી નિયામક

### જાહેર નિવિદા

માહિતી નિયામકશ્રીની કચેરી માટે બે વર્ષ માટે વધુ એક વર્ષ લંબાવી શકાય તે રીતે એક્રેડિટેડ પત્રકારોના એક્રેડિટેશન કાર્ડ રીન્યુ કરવાના થાય છે. આ માટે કચેરી તરફથી આપવામાં આવનાર કાર્ડધારકોની વિગતની ડેટા એન્ટ્રી, ફોટોગ્રાફક સ્કેન તથા લેમીનેશન સાથે પ્રવર્તમાન બે પ્રકારની ડિઝાઈન પ્રમાણે સમય મર્યાદામાં એક્રેડિટેશન કાર્ડ તૈયાર કરવાના રહે છે. ઉપરોક્ત જણાવ્યા પ્રમાણે એક કાર્ડ તૈયાર કરવા ગાંધીનગર સ્થિત રસ ધરાવતી પેઢીઓ / સંસ્થાઓ પાસેથી બંધ કવરમાં ઈ.એમ.ડી. ફી સાથેના ભાવપત્રકો મંગાવવામાં આવે છે.

ફીઝીકલ ટેન્ડર રૂ. ૧૫૦૦/૦ (અંકે રૂપિયા એક હજાર પાંચસો પુરા) રોકડા આપવાથી / ચૂકવવાથી તા. ૨૩/૧૧/૨૦૧૬થી તા. ૧૫/૧૨/૨૦૧૬ સુધીમાં માહિતી નિયામકની કચેરી, હિસાબી શાખા, બ્લોક નં. ૧૯, ૧લો માળ, ડૉ. જીવરાજ મહેતા ભવન, ગાંધીનગર ખાતેથી રૂબરૂમાં મળશે. અન્ય વિગતો ટેન્ડરમાંથી મળશે. બંધ કવરમાં ફીઝીકલ ટેન્ડર ડૉક્યુમેન્ટ તા. ૧૫/૧૨/૨૦૧૬ના રોજ સાંજના ૧૭.૦૦ કલાક સુધી રજીસ્ટ્રી શાખામાં પરત કરી શકશે.

માહિતી/૨૦૭૩/૧૬-૧૭ માહિતી નિયામક